**પ્રત્યેક અહેમદીનું આ કામ છે કે જ્યારે તે પોતાને અહેમદીયતમાં હોવાનું કહે તો હંમેશા નિઝામે જમાઅત સાથે મજબૂત સબંધ રાખવું અને ખિલાફતે અહેમદીયા સાથે વફાદારી અને આજ્ઞા પાલનનો સબંધ રાખવો તેનું કર્તવ્ય છે. કેમકે બૈઅત કરતા સમયે આજ પ્રતિજ્ઞા લીધી હતી ખિલાફત તરફથી જે હિદાયત આવે છે જે નસીહતો કરે છે, જે પ્રોગ્રામ આપે છે તેના પર અમલ કરીને જ આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરી શકાય છે.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૦૯- ઓકટોમ્બર ૨૦૧૫, સ્થળ : મસ્જીદ નૂર-હોલેન્ડ*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

અહિંયા અધિકતર અહેમદીઓ તે છે જે જન્મથી જ અહેમદી છે અથવા બાળપણમાં અહેમદીયત મળી અને તેમનો ઉછેર અહેમદી માહોંલમાં થયો અને તેમાં પણ અધિકતર લોકો પાકિસ્તાની છે જેમને આ દેશમાં એટલા માટે વસવાટ કરવાની પરવાનગી મળી કે તેમણે અહિંયા આવીને આ વાતને જાહેર કરી કે પાકિસ્તાનમાં તેમને ધાર્મિક સ્વતંત્રતા અને ઈસ્લામી શિક્ષણ પ્રમાણે અમલ કરવાની પરવાનગી ન હતી. અમુક એવા પણ હશે જેમના પર કેશ પણ થયો હશે. આમ આ લોકોને અહિંયા રહેવાની પરવાનગી અથવા અહિંયાની હુકુમતની મહેરબાની એટલા માટે છે કે તેઓ પોતાને અહેમદી કહે છે માટે અહેમદી હોવાનું એલાન તમારા પર અમુક જીમ્મેદારીઓ નાંખે છે. અને આ જીમ્મેદારીથી તે અહેમદી પણ બહાર નથી જે શૈક્ષણિક અથવા બીજી આવડત તથા ખૂબીઓના કારણે આ દેશમાં આવ્યા અને અહિંયા આવીને શૈક્ષણિક ખૂબીઓ અને આવડતને વધારે નિખારવાનો અવસર મળ્યો અને પોતાનો જમાઅતે અહેમદીયા સાથે સંબધ હોવાનું જાહેર કરે છે. તેવી જ રીતે નૌમુબાઈન છે તે જ્યારે બૈઅત કરે છે અને જમાઅતમાં એટલા માટે સામેલ થાય છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સચ્ચાઈ પર તેમને વિશ્વાસ છે તો બૈઅત પછી આ બૈઅતનો હક અદા કરવાની જીમ્મેદારી તેમના પર પણ આવી જાય છે. ખુદાતઆલા તેમને પણ આ જીમ્મેદારીથી ભારમુક્ત ન કરે કે તેઓ આ કહી દે કે અમોએ જુના અહેમદીઓને જે રીતે જોયા એ રીતે કર્યું.

આ યુગમાં આપણા શિક્ષણ અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ કુરઆન તથા સુન્નત વિશે કરેલ વ્યાખ્યા અને પુસ્તકોને સમજવું ખુબ જરૂરી છે. અને તેનું વાંચન પણ જરૂરી છે. અને આ વસ્તુઓ આપણી સામે મૌજુદ છે જેથી કોઈના માટે પણ કોઈ બહાનું નથી. જુના અહેમદીઓને હું એ પણ કહીશ કે આપના નમૂના જોઈને જો કોઈને ઠોકર લાગે છે તો આપ આ ભૂલ અને ગુનાના ભાગીદાર છો માટે જુના અહેમદીઓ જેમના પર અલ્લાહ તઆલાએ ફઝલ કર્યો કે તેમના બાપ-દાદા અહેમદી થયા અથવા તેમને બાળપણમાં જ અહેમદીયત મળી ગઈ અને અલ્લાહ તઆલાના ફઝલથી અહિંયા આવીને તેમને સારી વ્યવસ્થા મળી તેને ભૂલવુ ન જોઈએ કે તે જમાઅતના કારણે છે. અને આ અહેસાનના આભાર રૂપમાં તેમણે પોતાની અવસ્થામાં અસાધારણ પવિત્ર ફેરફાર પૈદા કરવાની કોશિશ કરવી જોઈએ. અને પોતાની ઔલાદને પણ જમાઅતમાં સામેલ થવાના બદલે અલ્લાહતઆલાના અહેસસાન વિશે જણાવતા રહેવું જોઈએ. તેવી જ રીતે પ્રત્યેક અહેમદીનું આ કામ છે કે જ્યારે

તે પોતાને અહેમદીઅતમાં હોવાનું કહે તો હંમેશા નિઝામે જમાઅત સાથે મજબૂત સંબંધ રાખવુ અને ખિલાફતે અહેમદીયા સાથે વફાદારી અને આજ્ઞા પાલનનું સબંધ રાખવુ તેનુ કર્તવ્ય છે કેમકે બૈઅત કરતા સમયે આજ પ્રતિજ્ઞા લીધી હતી. અલ્લાહ તઆલાનો ફઝલ છે કે નવા સામેલ થનાર ખાસ કરીને તે જેમણે પૂર્ણ વિશ્વાસ સાથે દિલથી હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના દાવાને સમજીને કબૂલ કર્યો તે બૈઅતની પ્રતિજ્ઞા અને શર્તો પર અનુધ્યાન પણ કરે છે. ઘણા બધા મને પત્રો પણ લખે છે. પરંતુ ઘણા તે જે જન્મથી અહેમદી છે અથવા જેમના માતા-પિતાએ તેમના બાળપણમાં અહેમદીઅત કબૂલ કરી અને જે અહિંયા આવીને દુન્યવી કામોમાં વધારે લાગી ગયા છે તે ન મોટા ભાગે બૈઅતની શરતો પર વિચાર કરે છે ન બૈઅતની પ્રતિજ્ઞા સમજે છે. ન અહેમદીઅતના કારણે અલ્લાહ તઆલાના આભારને યાદ રાખે છે એમ.ટી.એ. દ્વારા બૈઅતના કાર્યક્રમ જોયા છતા પણ બૈઅતની હકીકતને જાણવાની અને તેના પર અમલ કરવાની કોશિશ નથી કરતા ખિલાફતના હકને નથી જોડતા માટે પ્રત્યેક જ્યારે પોતાનું નિરિક્ષણ કરશે તો તેને માલુમ થશે કે તે ક્યાં ઉભો છે અત્યારે હું નિરિક્ષણ માટે માત્ર બૈઅતની એક શર્ત સામે મુકુ છુ. તેને સામાન્ય રીતે ન જુઓ બલ્કે વિચાર કરો અને પછી પોતાનું નિરિક્ષણ કરો જો આ નિરિક્ષણનો જવાબ હાં છે તો તે ખુશનસીબ છે અને અલ્લાહ તઆલાના ફઝલોને વધારે સમેટવા વાળો છે જો કમજોર છે તો તે સુધારણાની કોશિશ કરે બૈઅતની દશમી શર્તમાં હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ આમ ફરમાવ્યું છે કે આ કે આજીઝથી ખાસ ખુદાના વાસ્તે ભાઈચારનો સબંધ સ્થાપશે. આ કરારથી કે પોતાના મરણ સુધી તેના દરેક નેક ફરમાનને તાબે થશે અને આ ભાઈચારાનો સબંધ એવો ઉચ્ચ પ્રકારનો રહેશે કે તેનો દાખલો દુન્યવી સગાઓ અથવા તમામ સેવાભાવી સબંધોમાં પણ ક્યાંય જોવા ન મળતો હોય.

આમ આ તે શબ્દો છે જે આપણને આપ (અ.સ.) એ અસીમ પ્રેમ અને સબંધ કાયમ કરવાની જીમ્મેદારી નાંખી છે. આપ (અ.સ.) આપણાથી પ્રતિજ્ઞા લઈ રહ્યાં છે. શું પ્રતિજ્ઞા લઈ રહ્યાં છે ? કે અલ્લાહ તઆલાની ખાતર મારાથી પ્રેમનો સબંધ અને ભાઈચારાનો ઉચ્ચ ધોરણ કાયમ કરો અને એકરાર કરો કે આપના દરેક નેક ફૈંસલાઓને માનીશ અર્થાત દરેક તે વાત જેના માટે ખુદાતઆલાએ આપને નિયુકત કર્યા છે. દરેક તે વાત જેની ઈસ્લામી તાલીમની રોશનીમાં આપ અમને હિદાયત આપશો. અને પછી માત્ર તેને માનવું તેની આજ્ઞા પાલન જ નહિ બલ્કે મરણ સુધી તેના પર કાયમ રહેવાની કોશિશ કરીશ અને અમલ કરીશ. અને આ પ્રતિજ્ઞા પણ કે જે સબંધ અને પ્રેમનો સબંધ હશે તેના ધોરણ એવા ઉચ્ચ હશે કે તેનો દાખલો દુન્યવી સગાઓ અને સબંધોમાં જોવા ન મળતા હોય ન તેનો દાખલો એવી હાલતમાં મળતો હોય જ્યારે ઈન્સાન કોઈનાથી વફાદારીના કારણે શુધ્ધ થઈને સબંધ રાખે છે આમ આ પ્રતિજ્ઞા કે આ યુગમાં આંહઝરત (સ.અ.વ.) પછી ઉચ્ચ ધોરણનું પ્રેમ જો કોઈના સાથે હોય તો તે આપ (સ.અ.વ.) ના સાચા ગુલામ સાથે હોય આ તે ધોરણ છે જેને આપણે કાયમ કરવાની કોશિશ કરવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની બૈઅતમાં આવ્યા પછી આપની સાથે કેવો સબંધ હોવો જોઈએ તે આ વાતોની રોશનીમાં પોતાનું નિરિક્ષણ પોતે જ લઈ શકે છે. શું આપણા તે ધોરણો છે અથવા જ્યારે દુન્યવી કાર્ય આપણી સામે હોય દુન્યવી ફાયદાઓ આપણી સામે હોય તો આપણે એ વાતો ભુલી જઈએ છીએ. દુન્યવી સબંધો અને દુન્યવી સ્વાર્થો આ પ્રેમના સબંધ અને આજ્ઞાપાલન પર હાવી થઈ જાય છે. જો ધર્મની અસલ સમજ હોય તો ધર્મના કાર્યો ઈન્સાન વફા, પ્રેમ, એખલાસના

જોશ સાથે જ કરશે માટે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ આપણા પર આશા રાખી છે કે આપની બૈઅતમાં આવીને આ ઉત્સાહને વધારીશુ. જ્યાં સુધી આ જોશ, આજ્ઞાપાલન, સચ્ચાઈ અને એખલાસ જે છે અને સબંધ જે છે તે પૈદા ન થશે જે નસીહતો કરવામાં આવે છે તેનો પણ અસર ન થશે. તેના પર અમલ કરવાની કોશિશ પણ ન થશે માટે જો નસીહતો પર અમલ કરવું હોય આપની વાતો માનવી હોય બૈઅતની પ્રતિજ્ઞાને નિભાવવી હોય તો પોતાને આજ્ઞાપાલન, એખલાસ અને વફાના ધોરણોને વધારવાની જરૂર છે. દરેક અહેમદીને સમજવું પડશે કે મઆરૂફ ઈતાઅત નો અર્થ છે પ્રેમ, એખલાસને ચરમસીમા સુધી પહોંચાડીને સંપૂર્ણ આજ્ઞાપાલન કરવુ. અને સંપૂર્ણ આજ્ઞાપાલન માત્ર આ રીતે જ થઈ શકે છે. તેના દરેક હુકમની શોધ પણ થાય. માટે આપણું કર્તવ્ય છે કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ અમારાથી જે આશા રાખી છે, જે હુકમો આપ્યા છે તેની શોધ કરીએ અને તેના પર અમલ કરવાની કોશીશ કરીએ. નહીંતર માત્ર દાવો જ રહેશે કે અમે દરેક વાત માનીએ છીએ. વાતોની આપણને ખબર જ નથી કે શું છે અને માનવી શું છે. માટે અહેમદી હોવાની સાથે સાથે એ પણ શર્ત છે કે પોતાના શિક્ષણને વધારી અલ્લાહ તઆલાની ખાતર જે સબંધ કાયમ કર્યો છે તેને અલ્લાહ તઆલાની ખુશી હાંસિલ કરવા માટે વધારવામાં આવે અને પવિત્ર થઈને પોતાના જીવનને તેના પ્રમાણે ઢાળીએ.

હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ જમાઅતને જે શિખામણ આપી છે જમાઅતના લોકોથી જે આશા રાખી છે તે આપની અનેક પુસ્તકોમાં મૌજુદ છે. તેમાંથી અમુક વાતો હું તમારી સાથે મુકુ છુ. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ફરમાવે છે કે આપણી જમાઅત એવી હોવી જોઈએ કે માત્ર અહંકાર પર ન રહે (બાહ્ય પર ન રહે, માત્ર વાતો જ ન થાય) બલ્કે બૈઅતના સાચા આશયને પૂર્ણ કરનાર હોય (સાચો આશય શું છે ફરમાવ્યું) આંતરિક પરિવર્તન કરવું જોઈએ. ફક્ત સમસ્યાઓથી તમે ખુદાતઆલાને ખુશ નથી કરી શકતા જો આંતરિક પરિવર્તન નથી તો તમારામાં અને બીજા લોકોમાં કોઈ ફેર નથી. આપે ફરમાવ્યું કે પ્રત્યેક પોતાના બોજને ઉઠાવે અને પોતાના વાયદાને પૂર્ણ કરે.

માટે આસ્થા પ્રમાણે પોતાને યોગ્ય કરી લેવુ. બૈઅત કરી લેવી હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સત્યતાને માની લેવુ, પ્રશ્નો અને વાદ-વિવાદમાં બીજાનું મોઢુ બંધ કરી દેવુ કોઈ હેસિયત નથી રાખતુ. જો અમલી પરિવર્તન નથી, જો અમલી હાલત સારી નથી થઈ રહી. આપે ફરમાવ્યું કે પોતાના નફસના પરિવર્તન માટે કોશિશ કરો, નમાઝમાં દુઆઓ માંગો, સદકાત, ખૈરાતથી અને બીજા દરેક પ્રકારના હુમલાઓથી વલ્લઝીના જાહદુ ફિહા માં સામેલ થઈ જાઓ વલ્લઝીના જહદુ ફિહા શું છે. અર્થાત અલ્લાહ તઆલા ફરમાવે છે કે જે લોકો અમારા માર્ગમાં કોશિશ કરે છે તેમને શું થાય છે લનહદી યન્નાહુમ સુબુલના કે અમે જરૂર તેમને પોતાના માર્ગની ખાતર હિદાયત આપીશું તેની અધિક વ્યાખ્યા એક સ્થાને ફરમાવી. આપે ફરમાવ્યું કે આ કેવી રીતે થઈ શકે છે કે જે વ્યકિત ખુબ લાપરવાહીથી સુસ્તી કરી રહ્યો છે તે એવો જ ખુદાના ફૈઝ થી લાભ ઉઠાવનાર થઈ જાય જેવો તે વ્યકિત કે જે તમામ બુધ્ધિ અને તમામ જોર અને તમામ એખલાસ થી તેને શોધે છે અર્થાત ખુદાતઆલાને શોધે છે.

માટે આપ જ્યારે આપણને આ ફરમાવે છે કે મારી વાત માનો અને મારી પાછળ ચાલો અને મારી સાથે આજ્ઞાપાલનનો સબંધ રાખો તો એટલા માટે કે અલ્લાહ તઆલાને શોધવાનો માર્ગ આપણને બતાવે મને જાણાવો કે તમે કઈ રીતે અલ્લાહ તઆલાને મેળવી શકો છો. અને અલ્લાહ તઆલાના ફૈઝથી આપણને હિસ્સો મેળવનાર બનાવે. પોતાની નમાઝો સમય પર

અને સારી રીતે અદા કરનાર બનો અલ્લાહ તઆલાનો પ્રેમ આકર્ષવા માટે સદકાત, ખૈરાત તરફ પણ ધ્યાન આપો. આમ આપની સાથે સબંધ અને આજ્ઞાપાલનનો સબંધ આપણને ખુદાતઆલા સાથે સબંધમાં વધારી રહ્યો છે.

ફરી અલ્લાહ તઆલાએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) પછી નિઝામે ખિલાફતને અમારામાં કાયમ કર્યો અને નિઝામે ખિલાફતે પણ આજ કાર્યને આગળ વધારવું છે જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ને અલ્લાહ તઆલાએ સોંપ્યુ હતુ. આ હવાલાથી ખિલાફત સાથે પણ એખલાસ અને આજ્ઞાપાલનનો સબંધ જોડીને આપણે આપણા ઉદ્દેશ તરફ મુસાફરી ચાલુ રાખી શકીએ છીએ. જેવુ કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ ફરમાવ્યું સાચા મુસ્લીમનો નમૂનો બનવો અને ઈસ્લામના પૈગામને દુનિયામાં ફૈલાવવું છે. ખલિફાના હાથ પર દરેક અહેમદી બૈઅતની પ્રતિજ્ઞા બાંધે છે માટે આ પ્રતિજ્ઞા પૂરી કરવી જરૂરી છે માટે ખિલાફત તરફથી જે હિદાયતો આવે છે, જે નસીહતો કરે છે, જે પ્રોગ્રામ આપે છે તેના પર અમલ કરીને જ આ પ્રતિજ્ઞા પૂરી કરી શકાય છે.

બૈઅતના સમયે દરેક અહેમદી આ પ્રતિજ્ઞા લે છે કે તે શર્તોની પાબંદી કરશે જે બૈઅતની શર્તો છે અને ખલિફાએ વક્ત જે પણ મઆરૂફ ફૈંસલો કરશે તેની પાબંદી કરશે. ખલિફાનું કામ પણ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના કામ અને નસિહતોને આગળ ફૈલાવવું છે. ઈસ્લામના પૈંગામને દુનિયાના ખુણે ખુણા સુધી ફૈલાવવું છે માટે જ્યારે દરેક અહેમદી આ વિચાર પ્રમાણે પોતાને બનાવશે તો જ વાસ્તવિક આજ્ઞાપાલનના ધોરણો કાયમ થશે. ત્યારે જ જમાઅતની એકતા કાયમ થશે, ત્યારે જ તબલીગના મેદાન ખુલશે. જો પ્રત્યેક આ કહે કે મને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) સાથે ભાઈચારો અને વિશ્વાસ છે અને હું આપની આજ્ઞા પાલન કરુ છું. પોતપોતાના માર્ગો નક્કી કરવા લાગી જાય તો કદાપિ પ્રગતિ ન થઈ શકે. જમાઅત અહેમદીયાની સુંદરતા તેમાં જ છે કે જેમાં નિઝામે ખિલાફત કાયમ છે અને પ્રત્યેક અહેમદીનો જે સબંધ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) સાથે એટલા માટે છે કે આપ આંહઝરત (સ.અ.વ.) ના સાચા ગુલામ છે તો સબંધ આગળ ખિલાફત માટે પણ રાખવું જરૂરી છે. આ યુગમાં અહેમદી ખુશનસીબ છે કે જ્યાં અલ્લાહ તઆલાએ નવી સહુલતો અને સાધનો પૈદા કર્યા ત્યાં અહેમદીઓને પણ તેનાથી નવાઝીયા. ધર્મના પ્રચાર માટે પણ જમાઅતને આ સહુલતો આપી. ટી.વી., ઈન્ટરનેટ અને વેબસાઈટ વગેરે પર જ્યાં આજે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના વર્ણનો મૌજુદ છે જેના સુધી આપણે જ્યારે ઈચ્છીએ ત્યારે પહોંચી શકીએ છીએ અને અનેક ભાષોઓમાં જોઈ શકીએ છીએ અને સાંભળી શકીએ છીએ. જે કુરઆન તથા હદીસ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની વાણી પર જ જોડાયેલી હોય છે અને તેના પર જ બુનિયાદ છે જેની દુનિયામાં આજે એમ.ટી.એ. દ્વારા દરેક સ્થાને પહોંચી રહ્યો છે. જેણે જમાઅતને એકતા બનવાનો એક નવો અંદાજ આપ્યો છે. માટે આપણે આ વાતને સામે રાખવી જોઈએ અને તેની દરેકને જરૂર છે કે એમ.ટી.એ. સાથે પોતાનો સબંધ જોડે જેથી આ એકતાનો ભાગીદાર બની શકે સપ્તાહમાં ઓછામાં ઓછુ ખુત્બા જુમ્મા સાંભળવા તરફ ધ્યાન આપે. દરેક પોતાના ઘરનું નિરિક્ષણ કરે કે શું ઘરના બધા લોકોએ સાંભળ્યું કે નહી જો પત્ની સાંભળે છે અને પતિ નથી સાંભળતો તો પણ ફાયદો નહી થાય જો પિતા સાંભળે છે અને માતા તથા બાળકો નથી સાંભળતા તો પણ કોઈ ફાયદા નહી થાય. આ વ્યવસ્થા જે એક એકતા બનવા માટે અલ્લાહે પૈદા કરી છે તેના માટે એકજ સમયમાં દુનિયાના દરેક ખુણા સુધી ખલિફાએ વક્તની વાણી પહોંચી જાય છે તેનો ભાગીદાર બનવાની દરેક

અહેમદીને જરૂર છે. માટે આ તરફ ધ્યાન આપે. જો માલુમ નથી કે શું કહેવાયુ છે તો આજ્ઞાપાલન કેવી રીતે થશે વાતો સાંભળશો તો આજ્ઞાપાલનને લાયક થશો. આમ તે વાતોને શોધો જેની આજ્ઞા પાલન કરવી છે. અલ્લાહ તઆલા કરે કે દરેક ઘર આ તરફ ધ્યાન આપનાર બને અને અલ્લાહ તઆલાએ આપણી તરબિયત માટે જે સહુલતો નક્કી કરી છે તેનો ભરપુર ફાયદો ઉઠાવનાર બનીએ અને માત્ર તરબિયત જ નહિ બલ્કે ઈસ્લામી શિક્ષણ ફૈલાવવામાં પણ આ ખુબ મોટો ભાગ ભજવી રહ્યો છે. જો કોઈ કારણસર જીવંત પ્રસારણ ન સાંભળી શક્યા હોવ તો રેકોર્ડીંગ સાંભળી શકાય છે. ઈન્ટરનેટ પર મૌજૂદ હોય છે અને બીજા ઘણા બધા પ્રોગ્રામ પણ હોય છે. ખાસ કરીને ખુત્બા જુમ્મા અને વિશેષ પ્રોગ્રામ.

અલ્લાહ તઆલા બધાને તૌફિક આપે કે જ્યાં આપ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) સાથે ખાસ સબંધ જોડનાર બનો ત્યાં આપના પછી ચાલુ નિઝામે ખિલાફત સાથે પણ મજબૂત સબંધ અને આજ્ઞાપાલનના નમૂના દેખાડનાર બને અને એ જ સબંધ અને આજ્ઞાપાલન પછી આંહઝરત (સ.અ.વ.) ની હદીસ પ્રમાણે આંહઝરત (સ.અ.વ.) ની આજ્ઞાપાલનથી પસાર થતા ખુદાતઆલાની આજ્ઞાપાલન કરનાર અને તેની ખુશી હાંસેલ કરનાર બનાવે છે. અલ્લાહ તઆલા બધાને આની તૌફિક આપે.

અંતમાં હઝુર અનવર એ મુકર્રમ હાફિઝ મુહંમદ ઈકબાલ સાહેબ મુરબ્બી સિલસિલાનું ૨ ઓકટોમ્બર ૨૦૧૫ના રોજ ૪૯ વર્ષની ઉંમરે અવસાન થયુ. તેમના સદગુણોનું વર્ણન ફરમાવ્યું અને નમાઝે જનાઝા ગાયબ પઢાવવાનું ઐલાન કર્યું.

************************************************************

**Khulasa Khutba Jumma Huzoor Anwar 09th Octomber 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ____________________

____________________

**Ahmadiyya Muslim Community.**
**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**